

॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર    Mo- 9016924808    સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 50,(SURAT), DATE-04/06/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૫૦, (સુરત), તા.૦૪/૦૬/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 મૂવીમાં રોલ અપાવવાની લાલચે ૧૧.૯૪ લાખની ઓનલાઈન છેતરપિંડી

3 વિશ્વ તમાકુ નિષેધ દિવસઃતાપી જિલ્લામાં તમાકુ નિયંત્રણ અધિનિયમના ભંગ બદલ ૪૭૧ કેસમાં ૭૦,૯૦૦ રૂપિયાનો દંડ વસૂલ

4 ઉંભેળ ગામના ખેતરમાં મહિલાને ટૂંપો આપી હત્યા કરેલી હાલતમાં લાશ મળી


## મોદીએ જી-૭ સમિટમાં જવાની સ્પષ્ટ ના પાડી

નવી દિલ્હી- જી-૨૦ પછી સૌથી શક્તિશાળી ગણાતા સંગઠન જી-૭ની આ વખતની સમિટ કેનેડામાં યોજાવા જઇ રહી છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી છેલ્લી લગભગ તમામ જી-૭ સમિટમાં જોડાઇ ચુક્યા છે. જોકે કેનેડામાં યોજાવા જઇ રહેલી આ વખતની સમિટમાં તેઓ હાજર ના રહે તેવા અહેવાલો છે. જી-૭ દેશોમાં અમેરિકા, કેનેડા, ફ્રાન્સ, જર્મની, જાપાન, બ્રિટન, યુરોપિયન યુનિયન જેવા આર્થિક રીતે સંપન્ન દેશો સામેલ છે. છેલ્લી લગભગ તમામ સમિટમાં નરેન્દ્ર મોદી હાજર રહ્યા છે, પરંતુ આ વખતે કેનેડાના ખાલિસ્તાનીઓ પ્રત્યેના નરમ વલણને ધ્યાનમાં રાખીને મોદી આ સમિટમાં ના જોડાય તેવા અહેવાલો છે.

અમેરિકાના વ્હાઇટ હાઉસે અગાઉ જાહેરાત કરી હતી કે જી-૭ સમિટ કેનેડામાં યોજાઇ રહી હોવા છતા પણ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હાજર રહેશે. કેનેડા અને અમેરિકાની વચ્ચે પણ ટેરિફ વોર ચાલી રહી છે. જોકે તેમ છતા કેનેડાએ અમેરિકાને આમંત્રણ આપવું પડયું છે. સપ્તાહ પહેલા કેનેડાએ જી-૭ સિવાયના દેશોને સમિટમાં હાજર રહેવા આમંત્રણ આપ્યું હતું જેમાં ઓસ્ટ્રેલિયા, યુક્રેનનો પણ સમાવેશ થાય છે.

ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્ટોની આલ્બાનીઝ અને યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી જી-૭ સમિટમાં ભાગ લેવા કેનેડા જશે. કદાચ કેનેડા ભારતને આમંત્રણ મોકલે તો પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ વખતની સમિટમાં હાજર ના રહે તેવા રિપોર્ટ છે. કેમ કે કેનેડાએ ભારત વિરોધી ખાલિસ્તાની સંગઠનો સામે યોગ્ય કાર્યવાહી નથી કરી અને તેને વધુ પ્રોત્સાહન આપ્યું છે. ભારત જી-૭નો સભ્યદેશ ના હોવા છતા પણ તાજેતરની છેલ્લી લગભગ તમામ સમિટમાં ભારતને આમંત્રણ મળ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ષ ૨૦૧૯થી દર વર્ષે જી-૭ સમિટમાં ભાગ લેતા આવ્યા છે.



**આ વખતે કેનેડાના ખાલિસ્તાનીઓ પ્રત્યેના નરમ વલણને ધ્યાનમાં રાખીને મોદી આ સમિટમાં ના જોડાય તેવા અહેવાલો છે.**

કેનેડામાં માર્ક કર્નીની સરકાર બન્યા બાદ કેનેડાએ ભારત સાથે સંબંધોમાં સુધારો કરવા પર ભાર મુક્યો હતો, તાજેતરમાં જ કેનેડાના નવા વિદેશમંત્રી અનીતા આનંદે ભારતના વિદેશમંત્રી એસ. જયશંકરની સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી. બન્ને દેશો વચ્ચેના સંબંધ પાટા પર આવી રહ્યા છે. પરંતુ ખાલિસ્તાની સંગઠનો ફરી સક્રિય થઇ ગયા છે. કદાચ કેનેડા ભારતને આમંત્રણ મોકલે તો પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી-૭ સમિટમાં ભાગ નહીં લે. જેનું મુખ્ય કારણ કેનેડાનું ખાલિસ્તાનીઓ તરફી નરમ વલણ માનવામાં આવે છે. ભારત અને કેનેડાના સંબંધોમાં સુધારાના પ્રયાસો થઇ રહ્યા છે તેના પર કેનેડા ખાલિસ્તાનીઓ સામે ઝૂકીને ખુદ પાણી ફેરવી રહ્યું છે.

## અયોધ્યામાં બીજો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, રાજા સ્વરૂપે પણ દર્શન આપશે શ્રીરામ



ઉત્તર પ્રદેશના અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ મંદિરમાં ભગવાન રામના બાળસ્વરૂપના વિગ્રહની ૨૨મી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. હવે આ જ મંદિરમાં બીજી વખત પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ થવા જઈ રહ્યો છે. ભગવાન રામને રાજા સ્વરૂપે વિરાજમાન કરવામાં આવશે. રામ મંદિરના મુખ્ય ગર્ભગૃહમાં બાળસ્વરૂપની પૂજા થઈ રહી છે, હવે પહેલા માળે 'રામ દરબાર'ના દર્શન થશે.

રામ દરબારમાં ભગવાન રામની માતા સીતા, હનુમાનજી તથા લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્નના પણ દર્શન થશે. આગામી પાંચમી જૂને ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ માટે તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન ગર્ભગૃહમાં તો દર્શન ચાલુ જ રહેશે. જેથી ભક્તો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી રહી છે તથા સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે. રામ મંદિરની આસપાસ અન્ય મંદિરોના પણ નિર્માણ કરવામાં આવ્યા છે, એવામાં પાંચમી જૂને સાત મંદિરોમાં પણ પ્રાણ પ્રતિષ્ઠા યોજાશે. રામ મંદિરના સમગ્ર પરિસરમાં ભગવાન ભોળાનાથ, ગણેશજી, મહાબલી હનુમાન, સૂર્ય દેવ, મા ભગવતી, અન્નપૂર્ણા માતાજીના મંદિરની સ્થાપના કરશે.

આ વખતે અયોધ્યાના જ પ્રખ્યાત વિદ્વાનોએ પ્રાણ પ્રતિષ્ઠાનું મુહૂર્ત કાઢ્યું છે. પાંચમી જૂને ગંગા દશેરા પણ છે, આ જ દિવસે દ્વાપર યુગની શરૂઆત થઈ હતી અને આ જ દિવસે રામેશ્વરમની સ્થાપના થઈ હતી.

JEE એડવાન્સમાં સુરતના વિદ્યાર્થીઓનો ઝળહળતો દેખાવ

## સ્વામિનારાયણ ગુરુકુલના કીર્તન વિઠાણીએ AIR ૩૮૪, જશે વરિયા ૩૬૯૮ અને આયુષરાજ શ્રીવાસ્તવે ૫૮૫૨ રેન્ક મેળવ્યો

સુરત- સુરતના વેડ રોડ સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલયના ત્રણ વિદ્યાર્થીઓએ JEE એડવાન્સ પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. સાયન્સ વિભાગના વિદ્યાર્થી કીર્તન વિઠાણીએ AIR ૩૮૪, જશે વરિયાએ AIR ૩૬૯૮ અને આયુષરાજ શ્રીવાસ્તવે AIR ૫૮૫૨ રેન્ક પ્રાપ્ત કર્યો છે.

આ સફળતા પર ગુરુકુલના પ્રભુ સ્વામીએ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. તેમણે જણાવ્યું કે આ પરિણામ વિદ્યાર્થીઓના દૃઢ સંકલ્પ, અનુશાસન અને કઠોર પરિશ્રમનું પરિણામ છે. તેમણે વિદ્યાર્થીઓને માતા-પિતા અને શિક્ષકોનું યોગદાન સ્વીકારવા જણાવ્યું હતું.




ગુરુકુલના મહંત સ્વામી ધર્મવલ્લભદાસજીએ પોઇચા નીલકંઠધામથી વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. પ્રભુ સ્વામી અને ભક્તિતનયદાસજી સ્વામીએ વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી, પુષ્પહાર પહેરાવી અને પ્રસાદ આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

ગુરુકુલના આચાર્ય અરવિંદભાઈ ઠેસિયા, ધર્મેશભાઈ સલિયા અને રામજીભાઈ રાંકે જણાવ્યું કે આ ત્રણેય વિદ્યાર્થીઓને IIT માં પ્રવેશ મળી શકશે. તેમણે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓનો આભાર માન્યો હતો.

**ગુરુકુલના મહંત સ્વામી ધર્મવલ્લભદાસજીએ પોઇચા નીલકંઠધામથી વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.**

## ચોથી જૂને PM મોદીની અધ્યક્ષતામાં યોજાશે મંત્રી પરિષદની બેઠક, જાણો કયા મુદ્દાઓ પર થશે ચર્ચા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર પોતાના ત્રીજા કાર્યકાળના એક વર્ષ પૂર્ણ થાય તે પહેલાં યુનિયન કાઉન્સિલ ઓફ મિનિસ્ટર્સની એક મહત્ત્વની બેઠક ૪ જૂનના આયોજિત થશે. આ બેઠક સાંજે ૪.૩૦ વાગ્યે સુષ્મા સ્વરાજ ભવનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ યોજાશે. વડાપ્રધાન પોતાના ત્રીજા કાર્યકાળને એક વર્ષ પૂર્ણ થાય તે પહેલાં જ તમામ કેન્દ્રીય મંત્રીઓ સાથે મહત્ત્વપૂર્ણ બેઠક યોજી વિવિધ મુદ્દા પર ચર્ચા કરશે. સુત્રો અનુસાર, આ બેઠકમાં કેન્દ્ર સરકાર છેલ્લા ૧૧ વર્ષની ઉપલબ્ધિઓ, યોજનાઓ અને જન કલ્યાણના કાર્યક્રમોની સમીક્ષા કરશે. તેની બેઠકમાં હાલમાં જ હાથ ધરાયેલા ઓપરેશન સિંદૂર મુદ્દે પણ વિશેષ ચર્ચાઓ થવાની સંભાવના છે. વડાપ્રધાન મોદી સેનાના આ અભિયાનને સરકારની નિર્ણાયક નેતૃત્વ ક્ષમતા અને રાષ્ટ્રીય સુરક્ષામાં સશક્ત યોગદાન રૂપે પ્રજા સમક્ષ રજૂ કરવા પર ભાર મૂકશે. તમામ મંત્રીઓને નિર્દેશ આપી શકે છે કે, તે ઓપરેશન સિંદૂરની સફળતા અને તેના પ્રયાસોને સામાન્ય જનતા સુધી પહોંચાડે. જેથી દેશભરમાં તેના પ્રત્યે જાગૃતિ આવે અને ગર્વની લાગણીમાં વધારો થાય.



**પ્રમુખ યોજનાઓ જેમ કે, ઉજ્જવલા, આયુષ્માન ભારત, પીએમ આવાસ યોજના, જલ જીવન મિશન, ડિજિટલ ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત, સ્વચ્છ ભારત અભિયાન વગેરેનો વિસ્તૃત રિપોર્ટ, જનસમર્થન, અને લાભાર્થીઓ સાથે સંવાદના કાર્યક્રમોને વેગ આપવા પર ભાર મૂકવામાં આવશે.**

બેઠકમાં છેલ્લા ૧૧ વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવેલી પ્રમુખ યોજનાઓ જેમ કે, ઉજ્જવલા, આયુષ્માન ભારત, પીએમ આવાસ યોજના, જલ જીવન મિશન, ડિજિટલ ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત, સ્વચ્છ ભારત અભિયાન વગેરેનો વિસ્તૃત રિપોર્ટ, જનસમર્થન, અને લાભાર્થીઓ સાથે સંવાદના કાર્યક્રમોને વેગ આપવા પર ભાર મૂકવામાં આવશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સરકાર હવે જનભાગીદારીથી જનસંપર્કની રણનીતિ હેઠળ એક વિશેષ સંપર્ક અભિયાન શરૂ કરવાની યોજના બનાવી રહી છે. જેમાં કેન્દ્રીય મંત્રી, સાંસદ અને ભાજપના કાર્યકારો ઘરે-ઘરે જઈ લોકોને કેન્દ્ર સરકારની ઉપલબ્ધિઓ વિશે માહિતી આપશે.


## બારડોલીમાં રોડના ખાડામાં મોપેડ ખાબકતા મહિલા ઘવાઇ



બારડોલી-નગર માંથી પસાર થતા માંડવી સ્ટેટ હાઇવે પર પાણીની લાઈન નાખ્યા બાદ રોડ બનાવાયો હતો. જે રોડ બેસી જવાથી એક ખાડાનું નિર્માણ થયું છે. આ ખાડો વાહન ચાલકો માટે જોખમી સાબિત થઈ રહ્યો છે. સોમવારના રોજ એક મહિલાનું મોપેડ ખાડામાં પડતા મહિલાના મોપેડનું સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં મહિલાને ગંભીર ઇજા થઇ હતી. મહિલાને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. એક જાગૃત નાગરિકે ખાડાની આજુબાજુ પથ્થર ગોઠવી માર્ગને સુરક્ષિત બનાવ્યો હતો. બીજો અકસ્માત થાય તે પહેલાં આ ખાડાને તાત્કાલિક અસરથી રીપેર કરવાની માગ લોકોમાં ઉઠી છે.







ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## સુરત મનપાના આરોગ્ય કેન્દ્રોની કામગીરી પેપરલેસ બનશે

# દર્દીના કેસ કઢાવવાથી લઈ દવા લેવા સુધીના કામ એક કાર્ડથી પતી જશે, યુનિક હેલ્થ IDથી દર્દીના આરોગ્યની માહિતી ટ્રેક કરી શકાશે



સુરત- સુરત મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને વધુ સારી આરોગ્ય સેવાઓ આપવાનું લક્ષ્ય ધરાવતા, શહેરના વિવિધ શહેરી આરોગ્ય કેન્દ્રો અને સ્મીમેર તથા મસ્કતી હોસ્પિટલ ખાતે ઇન્ફર્મેશન ટેકનોલોજીના ઉપયોગ થકી આરોગ્ય સેવાઓને વધુ ઝડપી, પારદર્શક અને કાર્યક્ષમ બનાવવાનો છે, તેમજ તમામ તબીબી માહિતીનો ડિજિટલ ફોર્મેટમાં ડેટાબેઝ તૈયાર કરવામાં આવશે. પેપરલેસ વર્ક તરફ વધુ એક પ્રોજેક્ટ સુરત મહાનગર પાલિકા દ્વારા શરૂ કરવામાં આવ્યો છે. સમગ્ર ગુજરાતની આ પ્રથમ મહાનગરપાલિકા હશે જે તમામ પ્રકારની કામગીરી પેપરલેસ કરશે. પેપરલેસ કામગીરીના કારણે દર્દીઓને સરળતાથી સારી અને ઝડપી સારવાર ઉપલબ્ધ થવાનો દાવો કરવામાં આવ્યો છે.

ઇ-હેલ્થ કાર્ડ અને યુનિક હેલ્થ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફોર્મેશન સિસ્ટમ આપવામાં આવશે સુરત મહાનગરપાલિકા સંચાલિત હોસ્પિટલ અને અર્બન હેલ્થ સેન્ટરોમાં જ્યારે પણ કોઈ દર્દી પોતાની સારવાર માટે જશે ત્યારે તેને પ્રથમ વખત કેસ કઢાવતી વખતે એક કાર્ડ આપવામાં આવશે અને યુનિક નંબર પણ આપવામાં આવશે. જેને લેમિનેશન કરીને કેસ પેપર કાઢ્યા બાદ દર્દીને આપવામાં આવશે. કેસ કાઉન્ટર પરથી જનરેટ થયેલો નવું ઈ કાર્ડ લઈને જે તે વિભાગની અંદર પોતાની સારવાર કરવા માટે ડોક્ટર પાસે જ્યારે દર્દી જશે ત્યારે એ નંબરના આધારે ડોક્ટર દ્વારા તેને તપાસવામાં આવશે અને તેને આપવામા આવતી તમામ દવાઓનું પ્રિસ્ક્રિપ્શન પણ ઓનલાઇન ડિજિટલ જ રેકોર્ડ ઉપર લેવામાં આવશે. ત્યારબાદ દર્દી અંગેની તમામ વિગતો પણ ડોક્ટર દ્વારા ડિજિટલ લાયઝેશનના માધ્યમથી જ કોમ્પ્યુટરમાં લખી લેવામાં આવશે. ડોક્ટરની તપાસ કર્યા બાદ દવા માટે જે તે વિભાગમાં જશે ત્યાં યુનિક નંબર બતાવવાનો રહેશે અને તે મુજબ જ દર્દીને કોમ્પ્યુટર ઉપરથી સ્ટોરના કર્મચારીઓ જોઈને દવા આપી દેશે.

આ સિસ્ટમનો અમલ સ્માર્ટ સિટીઝ મિશન અંતર્ગત સ્મીમેર હોસ્પિટલ, મસ્કતી હોસ્પિટલ અને વિવિધ અર્બન હેલ્થ સેન્ટરોમાં કરવામાં આવ્યો છે. હોસ્પિટલ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફોર્મેશન સિસ્ટમ હેઠળ અમલમાં મુકવામાં આવ્યો છે. વિવિધ આઈ.ટી. સોલ્યુશનમાં નીચે દર્શાવેલ પ્રમુખ સોલ્યુશન કમ્પોનેન્ટનો સમાવેશ થાય છે.

# મૂવીમાં રોલ અપાવવાની લાલચે ૧૧.૯૪ લાખની ઓનલાઈન છેતરપિંડી

વ્યારા- વ્યારા નગરમાં રહેતા અને પ્લમ્બર તરીકે કામ કરતા સુધાકરભાઈ નાયકની ૧૪ વર્ષની દીકરી જૈનીશા ટીવી, વેબસિરીઝ અને યૂટ્યૂબ શોર્ટ મૂવીમાં કામ કરે છે. પત્ની સોનિકાબેન નાયક ૧૮ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ઇન્સ્ટાગ્રામ પર રિલ્સ જોઈ રહી હતી. ત્યારે સુરેશકુમાર કાસ્ટિંગ નામની આઈડી પરથી એક જાહેરાત આવી. તેમાં લખ્યું હતું કે સુપરસ્ટાર રજનીકાંતની ફિલ્મમાં ચાઈલ્ડ આર્ટિસ્ટની જરૂર છે.

સોનિકાબેને જાહેરાતમાં આપેલા વોટ્સએપ નંબર પર સંપર્ક કર્યો. ત્યારબાદ સુરેશકુમાર નામના શખ્સે બીજો નંબર આપ્યો. ત્યાંથી જાણ કરાયું કે જૈનીશા ફિલ્મ 'થલાઈવા' માટે પસંદ થઈ ગઈ છે. આર્ટિસ્ટ કાર્ડ બનાવવા માટે રૂ.૧૨,૬૫૦ ભરાવ્યા. પછી કહ્યું કે તમારું પેમેન્ટ ૯,૨૩,૦૦૦ છે. એ માટે એગ્રીમેન્ટ પર સહી કરવા રૂ.૨૭,૬૯૦ માંગ્યા. સોનિકાબેને સ્કેનરથી રકમ મોકલી પછી ચેન્નાઈ અને મલેશિયામાં શૂટિંગ માટે માતા-પિતા સાથે જવું પડશે કહી ટિકિટ માટે રૂ.૨,૭૨,૭૧૪ લીધા. આમ વિવિધ બહાને ગઠીયાએ ૧૧.૯૪ લાખ ઓનલાઇન ટ્રાન્સફર કરાવી લીધા હતા.




આખરે સોનિકાબેનને ઠગાઈની શંકા આવી. તેમણે સાયબર ક્રાઈમમાં ઓનલાઈન અરજી કરી. વ્યારા સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. સુરેશકુમાર નામના શખ્સે ફિલ્મમાં રોલ અપાવવાનું કહી બનાવટી કોન્ટ્રાક્ટ, ખોટા કોર્ટના સ્ટેમ્પ ડ્યૂટી પત્રો અને વિમાન ટિકિટ મોકલી કુલ રૂ.૧૧,૯૪,૦૫૪ ની ઠગાઈ કરી. પોલીસે ગુનો નોંધ્યો હતો.

## બારડોલીમાં કેરી ચોરીની શંકામાં મજૂરની હત્યાઃ ૫ શખસે ઝાડ સાથે બાંધી માર માર્યો, લાશ નહેરમાં ફેંકી; તમામ આરોપી પોલીસ પકડમાં

બારડોલી- બારડોલીના અકોટી ગામમાં ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે, જે ગામમાં કેરીચોરીના આરોપમાં એક વ્યક્તિની નૃશંસ હત્યા કરવામાં આવી છે. મૂળ ઉત્તરપ્રદેશના સુરેશ રામમનોરથ વર્મા (ઉં.વ.૪૮) ને પાંચ શખસે આંબાના વૃક્ષ સાથે બાંધીને માર માર્યો હતો. આરોપીઓએ તેની પાસેથી રૂ.૫૦,૦૦૦ ની માગણી પણ કરી હતી.



આંબાના વૃક્ષ સાથે માર મારીને મોતને ઘાટ ઉતાર્યો બારડોલીના અકોટી ગામે આંબાવાડીમાંથી કેરી ચોરી કર્યાની શંકા સાથે મૂળ ઉત્તરપ્રદેશના સુરેશ વર્મા નામની વ્યક્તિને પાંચ શખસે ઝાડ સાથે બાંધી માર માર્યો હતો. તેને વૃક્ષ સાથે બાંધી રાખી ૫૦,૦૦૦ ની માગણી કરી હતી. આ દરમિયાન મારને કારણે સુરેશનું મોત નીપજતાં આરોપીઓએ તેના મૃતદેહને ગાડીમાં ભરી લઈ જઈને શામપુરા નહેરમાં ફેંકી દીધો હતો. આ ઘટનાને પગલે હરકતમાં આવેલી પોલીસે પાંચ સામે હત્યાનો ગુનો નોંધ્યો હતો.

કેરીચોરી બારોબાર વેચી મારી હોવાનો આક્ષેપ કરીને હત્યા અકોટી ગામે આવેલી ખેડૂત રાકેશભાઈ કાંતિલાલ પટેલની આંબાવાડીમાં કેરીનો ધંધો કરવા રોકાયેલા ૬ વેપારી પૈકીના સુરેશ રામમનોરથ વર્મા (ઉં.વ.૪૮, હાલ રહે. અકોટી, આંબાવાડી, તા. બારડોલી, મૂળ રહે, પૂરેના ગામ, જુડારા, હનુમાનગંજ, ઉત્તરપ્રદેશ) એ વાડીમાંથી કેરી ચોરી બારોબાર વેચી મારી હોવાનો આક્ષેપ કરાયો હતો.

## માંડવી તાલુકામાં બ્રિજ નિર્માણની કામગીરીનું નિરીક્ષણ

# હળપતિએ મોરીઠા, રેગામા અને દેવગઢમાં કરી મુલાકાત



માંડવી- આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકામાં મહત્વપૂર્ણ મુલાકાત લીધી છે. તેમણે મોરીઠા, રેગામા અને દેવગઢ ગામમાં નિર્માણાધીન બ્રિજની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

રાજ્યમંત્રીએ બ્રિજના કામની ગુણવત્તા અને પ્રગતિની સમીક્ષા કરી હતી. તેમણે સ્થાનિક અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર્સ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. કામગીરી અંગે જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું.

મંત્રીએ જણાવ્યું કે રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં પરિવહન વ્યવસ્થા મજબૂત કરવા માટે કટિબદ્ધ છે. આ બ્રિજના નિર્માણથી ગ્રામજનોને વધુ સારી સુવિધા મળશે. તેમણે નિર્ધારિત સમયમર્યાદામાં ગુણવત્તાયુક્ત કામગીરી પૂર્ણ કરવાની અપેક્ષા વ્યક્ત કરી હતી. મુલાકાત દરમિયાન મંત્રીએ ગ્રામજનોના પ્રશ્નો અને સૂચનો પણ સાંભળ્યા હતા.

# બિયારણ કે દવાથી પાકને નુકસાન થશે તો વિક્રેતા સામે કાર્યવાહી થશે



ભરૂચ- ભરૂચમાં બિયારણ કે દવાથી પાકને નુકસાન થશે તો વિક્રેતા સામે કાર્યવાહી થશે. ખેતીવાડી વિભાગે ખેડૂતોને પરવાનગી ધરાવતાં વેપારીઓ પાસેથી ખરીદી કરવાનો અનુરોધ કર્યો છે. ભરૂચ જિલ્લામાં ચોમાસુ વાવેતર ની તૈયારી થઈ ગઈ છે ત્યારે ખેડૂતોને બિયારણ, દવા સહિત ખતરાની ખરીદતા સમયે કાળજી રાખવા જિલ્લાના નાયબ ખેતી નિયામકે તાકીદ કરી છે. તે મુજબ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુરુ નામ, સરનામું, ખરીદેલ વસ્તુ નું નામ, લોટ નંબર વિગેરે વિગત દર્શાવતું બીલ સહી સાથે ખાસ લેવું. હંમેશા વૈજ્ઞાનિક ભલામણ મુજબનાં જથ્થા માં જ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનો કાર્યક્ષમ ઉપયોગ કરવો.

પાકને નિંદામણ મુક્ત રાખવો જેથી નિંદામણ ને કારણે પાક પર થતી માઠી અસર નિવારી શકાય. અનઅધિકૃત અથવા ભળતા નામના અમાન્ય બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનું વેચાણ થતુ હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક ખેતીવાડી અધિકારી અથવા જિલ્લાના નાયબ ખેતી નિયામકને જાણ કરવા સૂચન કર્યું છે.

ખરીદ કરેલ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓના ઉપયોગને લીધે ઉભા પાકમાં કોઇ નુકસાન કે ફરિયાદ જણાય તો જિલ્લા કક્ષાની ઉભા પાકની કમિટિમાં જાણ કરવા અપીલ કરાઇ છે.




## SMCના કર્મચારીઓએ લિંબાયત ઉધના વિસ્તારમાંથી પસાર થતી ખાડીઓની સફાઈ માટે સ્થળ નિરીક્ષણ કર્યું, ખાડીપુરના સંકટથી બચવા પ્રયાસો શરૂ



સુરત- શહેરનાં લિંબાયત અને ઉધના વિસ્તારમાંથી પસાર થતી ખાડીઓમાં દર વર્ષે ચોમાસાની ઋતુમાં ખાડી પુરનું જોખમ સર્જાતુ હોય છે. જેને પગલે સુરત મહાનગર પાલિકા દ્વારા કરોડો રૂપિયા ખાડીઓનાં ડ્રેજિંગથી માંડીને સાફ-સફાઈ પાછળ ખર્ચ કરવામાં આવતાં હોય છે. આ દરમિયાન આજે લિંબાયતમાં મીઠી ખાડી અને ભેદવાડ ખાડીની ડ્રેજિંગની કામગીરી દરમિયાન ડ્રેનેજ કમિટીનાં ચેરમેન સહિત લિંબાયત ઝોનનાં અધિકારીઓ દ્વારા સ્થળ મુલાકાત કરવામાં આવી હતી. જે દરમિયાન ડ્રેનેજ કમિટીનાં ચેરમેન કેયુર ચપટવાલા દ્વારા ખાડીઓનાં કિનારે દબાણ સહિતનાં દૂષણો દૂર કરવા માટે વહીવટી તંત્રને તાકિદ કરવામાં આવી હતી. જેને પગલે ખાડીપુરની સ્થિતિમાં સ્થળાંતરથી માંડીને બચાવ અને રાહતની કામગીરીમાં ખાડી કિનારેનું એન્ક્રોચમેન્ટ નડતર રૂપ ન બને.

સુરતમાં પ્રિ-મોન્સુન કામગીરીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ઉધના અને લિંબાયતમાંથી પસાર થતી ભેદવાડ ખાડી, મીઠી ખાડી, ભાઠેના ખાડી અને સીમાડા ખાડીમાં પુરનું જોખમ સર્જાતુ હોય છે. જેને પગલે દર વર્ષે મહાનગરપાલિકા દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે ખાડીઓનાં ડ્રેજિંગની કામગીરી કરવામાં આવતી હોય છે. આ સિવાય આખા વર્ષ દરમિયાન ખાડીઓમાં કચરો અને ગંદકી એકઠી થતાં પાણીનું વહેણ અવરોધાતાં તંત્ર દ્વારા ખાડીઓની મોટાપાયે સફાઈ પણ હાથ ધરવામાં આવતી હોય છે.

હાલમાં લિંબાયત ઝોનમાંથી પસાર થતી મીઠી ખાડી અને ભેદવાડ ખાડીની સાફ સફાઈ સહિત ડ્રેજિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેને પગલે ડ્રેનેજ કમિટીનાં ચેરમેન કેયુર ચપટવાલા સહિત લિંબાયત ઝોનનાં કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલા સહિતનાં અધિકારીઓ દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. જેમાં ચોમાસા દરમિયાન ખાડીનું વહેણ ન અટકે તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી હતી. આ દરમિયાન કેયુર ચપટવાલા દ્વારા ખાડીપુરનાં જોખમ દરમિયાન ખાડી કિનારે ઉભા કરવામાં આવેલા દબાણો તાત્કાલિક દૂર કરવા માટે સૂચના આપવામાં આવી છે.

## લોકકલાના સંગમ સમો 'ઇન્ડિયન ફોક કાર્નિવલ' અમદાવાદમાં સંપન્ન, દેશભરના કલાકારોએ મંત્રમુગ્ધ કર્યા



ગુજરાત લોકકલા ફાઉન્ડેશન દ્વારા અમદાવાદમાં આયોજિત ત્રણ-દિવસીય ઇન્ડિયન ફોક કાર્નિવલનું પહેલી જૂને ભવ્ય સમાપન થયું. કર્ણાવતી ક્લબ ખાતે ૩૦ મી મેથી ૧ લી જૂન દરમિયાન યોજાયેલા આ ઉત્સવમાં દેશભરના ૧૦૦૦ થી વધુ લોકકલાકારોએ પોતાની અદભુત પ્રસ્તુતિઓ દ્વારા 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પનાને સાકાર કરી.

આ કાર્નિવલમાં માત્ર ગુજરાતના જ નહીં, પરંતુ રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, પંજાબ, ઓડિશા, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, તમિલનાડુ, મહારાષ્ટ્ર જેવાં વિવિધ રાજ્યોના કલાકારોએ પણ પોતાની પારંપારિક લોકનૃત્યો અને લોકકલાઓ રજૂ કરીને સાંસ્કૃતિક વિરાસતને જીવંત કરી હતી. કુલ ૫૦ થી વધુ લોકનૃત્યો રજૂ કરવામાં આવ્યા હતા, જે દર્શકો માટે એક યાદગાર અનુભવ બની રહ્યો.

પ્રથમ દિવસે ગુજરાતના વિવિધ પ્રાંતના પરંપરાગત લોકનૃત્યો રજૂ થયા. બીજા દિવસે આદિવાસી લોકનૃત્યોની ભવ્ય પ્રસ્તુતિ થઈ. ત્રીજા દિવસે દેશના જુદા જુદા રાજ્યોના પારંપારિક લોકનૃત્યોની કલા પ્રસ્તુતિ લોકોએ મન ભરીને માણી. આ ઉપરાંત, કાર્નિવલ દરમિયાન બે વર્કશોપ, બે આર્ટ ગેલેરી અને ૧૦થી વધુ એવોર્ડ્સ પણ પ્રદાન કરવામાં આવ્યા.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત લોકકલા ફાઉન્ડેશન દેશની એવી એકમાત્ર સંસ્થા છે જેની સાથે ૫,૦૦૦ થી પણ વધુ લોકકલાકારો જોડાયેલા છે. આ સંસ્થા આ કલાકારોને દેશ-વિદેશમાં પોતાની કલા પ્રદર્શિત કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે. સંસ્થાના સ્થાપક અને લોકકલાવિદ પદ્મશ્રી જોરાવરસિંહ જાદવે આ કાર્નિવલ વિશે જણાવ્યું કે, 'ગુજરાત લોકકલા ફાઉન્ડેશનનું મંચ એ તળના કલાકારો પાસે રહેલી ટોચની કળા પીરસવાનું ભારતનું સૌથી મોટું મંચ છે.' આ કાર્નિવલ ભારતીય સંસ્કૃતિની વિવિધતા અને એકતાનું પ્રતિક બની રહ્યો અને લોકકલાને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

# લિગ્નાઇટ પ્રોજેક્ટ માટે એક ઇંચ પણ જમીન નહિ આપીએ : આદિવાસી સમાજ



ભરૂચ- ઝઘડિયા અને વાલિયા તાલુકામાં સૂચિત લિગ્નાઇટ પ્રોજેક્ટ સામે આદિવાસી સમાજમાં વિરોધ જોવા મળી રહયો છે. પ્રોજેક્ટ આવવાથી અનેક ગામોના હજારો લોકો વિસ્થાપિત બની જશે ત્યારે રવિવારના રોજ વાલિયાથી રેલીનું આયોજન કરાયું હતું. જેમાં આદિવાસી લોકોએ પ્રોજેક્ટ માટે એક ઇંચ પણ જમીન નહિ આપીએ તેવો હુંકાર ભર્યો હતો. દેડિયાપાડાના પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવા સહિતના આગેવાનોએ રેલીનું નેતૃત્વ લીધું હતું. વાલિયા અને ઝઘડિયા સહિતના ટ્રાઇબલ વિસ્તારોમાં જીએમડીસીના લિગ્નાઇટ પ્રોજેક્ટનો વિરોધ વધી રહ્યો છે. અગાઉ વિવિધ ગ્રામ સભામાં વિરોધ અંગેનો ઠરાવ કર્યા બાદ પર્યાવરણીય લોક સુનાવણી માં પણ ભારે વિરોધ નોંધાવ્યો હતો. રવિવારના રોજ ભિલિસ્તાન વિકાસ મોરચાએ વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી ચંદેરિયા ગામના વ્હાઇટ હાઉસથી નીકળી વાલીયા ગામના ચાર રસ્તા પર ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને ફુલહાર અર્પણ કરાયા હતા. ત્યારબાદ વિવિધ ગામોમાં ફરી હતી.

જેમાં આદિવાસી આગેવાન પ્રફુલ વસાવા, રાજ વસાવા, ઉત્તમ વસાવા કોકીલાબેન તડવી, વિજય વસાવા અને કિરીટ વસાવા સહિતના આગેવાનો જોડાયા હતા. આગેવાનોએ જીએમડીસીના આ લિગ્નાઇટ પ્રોજેક્ટનો વિરોધ નોંધાવ્યો હતો અને પ્રોજેક્ટ માટે જમીન ન આપવાનો હુંકાર કર્યો હતો. લિગ્નાઇટ પ્રોજેક્ટના વિરોધ પ્રદર્શનને લઈને રાજકીય ક્ષેત્રે પણ ગરમાવો આવી ગયો છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### શસ્ત્ર-સરંજામના ઉત્પાદનમાં ખાનગી કંપનીઓનું બહુમૂલ્ય યોગદાન

ભારતની શસ્ત્ર-સરંજામની નિકાસનો આંકડો આ વર્ષે વધીને ૨૪,૦૦૦ કરોડ સુધી પહોચ્યો છે. ૨૦૩૦ સુધીમાં તે ૫૦,૦૦૦ કરોડ પર પહોચશે તેવી અપેક્ષા છે

'ઓ પરેશન સિંદૂર'માં ભારતીય સેનાને મળેલા જવલંત વિજયની સૌ કોઈ ભરપૂર પ્રશંસા કરે છે, પરંતુ ભારતીય સેનાની ત્રણેય પાંખના શ્રેષ્ઠ દેખાવ માટે પડદાં પાછળ રહીને કામગીરી નિભાવતા પ્રાઈવેટ ડિફેન્સ સેક્ટરનો કોઈએ યોગ્ય ઉલ્લેખ કર્યો નથી.

જાણીને કદાચ નવાઈ લાગશે કે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય સેનાએ વાપરેલાં ડ્રોનથી લઈને રડાર સિસ્ટમ, આર્મડ વ્હીકલ જેવા અનેક શસ્ત્ર-અસ્ત્ર સંરજામ ખાનગી કંપનીઓએ બનાવેલાં છે.દોઢ દાયકા પૂર્વે ભારતીય સેના દ્વારા વપરાતાં મોટા ભાગનાં શસ્ત્રો જાહેર ક્ષેત્રની (સરકારી) કંપનીઓ દ્વારા બનાવાતાં હતાં અથવા વિદેશથી આયાત થતાં હતાં. આજે ભારતની અનેક ખાનગી માલિકીની કંપનીઓ સેનાને બહુ ઉપયોગી થાય તેવા શસ્ત્રો બનાવે છે. એટલું જ નહીં, આંતરરાષ્ટ્રીય બજારમાં પણ વેચી શકાય અને ચઢિયાતાં હોય તેવા વેપન્સ બનાવે છે. સંરક્ષણ ક્ષેત્રે ભારત સ્વાલંબી બને એ માટે મોદીની કેન્દ્ર સરકારે ૨૦૧૫થી જ લાઈસન્સ આપવાની શરૂઆત કરી હ તી. મે-૨૦૧૪થી માંડીને નવેમ્બર ૨૦૧૫ સુધીમા વિવિધ ખાનગી કંપનીઓને સંરક્ષણ સાધનોના ઉત્પાદન માટે કુલ ૧૨૧ લાઈસન્સ આપવામા આવ્યા હતા. એમાંથી ગુજરાત અને મહારાષ્ટ્ર બન્ને રાજયો ૨૨-૨૨ લાઈસન્સ સાથે પહેલા ક્રમે છે. ગુજરાતમા નવાં લાઈસન્સો મળ્યાં છે, તેમા સૌથી વધુ ૧૧ લાઈસન્સો રિલાયન્સ ડિફેન્સ સિસ્ટમે મેળવ્યા છે. એ લાઈસન્સો દ્વારા રિલાયન્સ ડિફેન્સ ગુજરાતમા સબમરીનથી માંડીને ઈલેક્ટ્રોનિક આયુધો સહિતની સામગ્રી બનાવવા ચાહે છે. એએમડબલ્યુ મોટર્સ ગુજરાતમા હળવા બુલેટપ્રૂફ વાહનો, અનમેન્ડ આર્મ્ડ વ્હિકલ, વગેરે બનાવવા ઈચ્છે છે. ઓસ્ટ્રીયા એરોસ્પેસ ગુજરાતમા હેલિકોપ્ટર બનાવવા માંગે છે.

ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ, આલ્ફા ડિઝાઈન ટેક્નોલોજીસ, પારસ ડિફેન્સ એન્ડ સ્પેસ ટેક્નોલોજીસ, આઈડિયા ફોર્જ અને આઈજી ડ્રોન્સ જેવી કંપનીઓએ યુદ્ધ દરમિયાન ભારતનો હાથ ઉપર રહે તેવા ચઢિયાતા, ખૂબ જ કાર્યક્ષમ એવાં શસ્ત્રો બનાવ્યાં છે, જે ઓપરેશન સિંદૂરમાં ખૂબ કામગરા સાબિત થયા છે.

ટાટા એડવાન્સ્ડ કંપનીનું જ ઉદાહરણ લઈએ તો એરોસ્પેસ ક્ષેત્રમાં ઊંડા અનુભવને કારણે તેણે સ્પેનની એરબસ કંપની સાથે મળીને ભારતમાં વિવિધ રડાર, મિસાઈલ્સ અને યુએવી (અનમેન્ડ એરિયલ વ્હીકલ - માનવ રહિત વિમાન) વિકસાવ્યાં છે. વડોદરા ખાતે ટાટાએ સ્થાપેલા મિલિટરી એરક્રાફ્ટ પ્લાન્ટમાં સૌ-૨૯૫ મિલિટરી ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ બને છે. તમને જાણીને કદાચ નવાઈ લાગશે પરંતુ અઢી દાયકા પહેલા ભારતીય રાજકારણમાં ખળભળાટ મચાવનારી, સ્વીડનની બોફોર્સ ગન જેવી જ તોપ હવે ભારતમાં તાતા પાવરની સ્ટ્રેટેજિક એન્જિનિયરીંગ ડિવિઝન બનાવે છે. હોવિત્ઝર જેવી જ આ ગન ટોવ્ડગન તરીકે ઓળખાય છે. આ તોપ ત્રણ મિનિટમાં ૪૦ કિ.મી. દૂર સુધી છ તોપગોળા છોડી શકે છે. અંકુશરેખા નજીક પાકિસ્તાની સૈન્યએ કરેલી મોરચાબંધી પર ધમાકો બોલાવવા આવી તોપો સારી કામ આવે છે.

અન્ય ખાનગી કંપનીઓમાં પારસ ડિફેન્સે સ્વદેશી ટેક્નોલોજી વિકસાવી ઈલેક્ટ્રોનિક વોરફેરમાં કામગરા વિજાણુ યંત્રો અને ડ્રોન્સ બનાવે છે. આલ્ફા ડિઝાઈન રડાર સિસ્ટમ, ટેન્કના સ્પેરપાર્ટ્સ અને સેટેલાઈટ પેલોડ તૈયાર કરી આપવામાં માહેર છે. લાર્સન એન્ડ ટોબ્રો (એલએન્ડટી) અદાણી ગ્રુપ અને ભારત ફોર્જ જેવી કંપનીઓએ પણ સંરક્ષણ ક્ષેત્રે પોતાની પહોચ વધારી છે. એલ એન્ડ ટીને તો તાજેતરમાં હાઈપાવર્ડ રડાર સિસ્ટમ બનાવવા માટે ૧૪,૦૦૦ કરોડનો કોન્ટ્રાક્ટ મળ્યો છે. અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ કંપનીએ યુપી ડિફેન્સ કોરિડોરમાં થોડાં સમય પૂર્વે દારૂગોળો અને મિસાઈલ ઉત્પાદન કરતાં બે કારખાનાનું ઉધ્ધાટન કર્યું હતું. આ કારખાનામાં ઓછા કેલિબરવાળી મશીનગન માટે ૧૫ કરોડ રાઉન્ડ બુલેટ્સ બનાવશે. આ રીતે ભારતની કુલ જરૂરિયાતના ૨૫ ટકા ઉત્પાદન અહીં થશે. શસ્ત્ર ઉત્પાદન ક્ષેત્રે ખાનગી કંપનીઓનો સૌથી મહત્ત્વનો રોલ ડ્રોન ઉત્પાદન ક્ષેત્રે જોવા મળે છે. નેવુંના દાયકામાં ભારતીય કંપનીઓએ સામાન્ય ડ્રોનની ટેક્નોલોજી હસ્તગત કરવા માંડી હતી.


ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે

● ૫-સિટર ● ૭-સિટર ●






સંપર્ક- અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત


## કલોલની પર ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર: ૪૫ ગામમાં સામાન્ય તેમજ પેટા ચૂંટણી ૨૨ જૂને, મતદાન ૨૫ જૂને મતગણતરી



કલોલ- રાજય ચૂંટણી પંચે કલોલ તાલુકાની પર ગ્રામ પંચાયતોની ચૂંટણીની જાહેરાત કરી છે. આ ચૂંટણીઓમાં ૪૫ ગ્રામ પંચાયતોમાં સરપંચ અને સભ્યોની સામાન્ય ચૂંટણી યોજાશે. એક ગ્રામ પંચાયતમાં સરપંચની અને ૬ વોર્ડમાં સભ્યોની પેટા ચૂંટણી યોજાશે.

ચૂંટણી કાર્યક્રમ અનુસાર ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૯ જૂન છે. ઉમેદવારી પત્રોની ચકાસણી ૧૦ જૂને થશે. ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ ૧૧ જૂન છે. મતદાન ૨૨ જૂને સવારે ૭થી સાંજે ૬ વાગ્યા સુધી યોજાશે. મતગણતરી ૨૫ જૂને સવારે ૯ વાગ્યાથી શરૂ થશે.

કલોલ તાલુકામાં જે પર ગ્રામ પંચાયતમાં ચૂંટણી યોજાનાર છે તેમાં બોરીસણા, સાંતેજ, પલસાણા, મોટી વાસજડા, શેરીસા, મોખાસણ, ભાદોલ, આલસોડિયા, ધમાસણા, નવા નારદીપુર, ડીગુચા, વડાવસ્વામી, ભાઉપુરા અને ઇસન્ડ કોઠા, મુલસાણા, વાસજડા, પલોડીયા, હાજીપુર, બિલેશ્વરપુરા, ધનોટ, પિયજ, પ્રતાપપુરા, વડસર કારોલી ખાત્રજ, વાયણા, ઉનાલી, સબાસપુર, ઉસ્માનાબાદ, ધાનજ, સઈજ, જાસપુર, વેડા હિંમતપુરા, વેડા ગોવિંદપુરા, વેડા ગોલથરા, ઓળા, પાનસર, નાંદોલી, જેઠલજ, સનાવડ, રતનપુર, રણછોડપુરા, રાચરડા, પલીયડ અને ખોરજ ડાભી સહિતના ગામોમાં પણ ચૂંટણી યોજાશે.

## વ્યારાના કાનપુરામાં શ્રી રામ ચોકનું ખાતમુહૂર્ત:૪૮ ફૂટ ઊંચો ભગવા ધ્વજ સ્થંભ બનશે, ૪ લાખનો થશે ખર્ચ



તાપી (વ્યારા)- વ્યારાના કાનપુરા વિસ્તારમાં આવેલા શ્રી રામજી મંદિરના પટાંગણમાં શ્રી રામ ચોકનું ખાતમુહૂર્ત સંપન્ન થયું છે. આ ચોકમાં ૪૮ ફૂટ ઊંચો ભગવા ધ્વજનો સ્થંભ સ્થાપિત કરવામાં આવશે. પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ ૪ લાખ રૂપિયાથી વધુ છે.

ખાતમુહૂર્ત વિધિ મહેશભાઈ ઈશ્વરભાઈ પટેલના હસ્તે સંપન્ન થઈ. કાર્યક્રમમાં વ્યારા નગરપાલિકાના પ્રમુખ રીતેશભાઈ ઉપાધ્યાય વિશેષ ઉપસ્થિત રહ્યા. વ્યારા નગર સંગઠન પ્રમુખ પિંકલભાઈ પંચાલ અને તાપી જિલ્લા મહામંત્રી રાકેશભાઈ કાચવાળાએ પણ હાજરી આપી.

નગરના કોર્પોરેટર પરેશભાઈ શાહ અને સુધીરસિંહ ચૌહાણ સહિત રામજી મંદિરના ટ્રસ્ટીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો. કાનપુરાના રહેવાસીઓ ઉપરાંત શ્રી દાદા ગણપતી, શ્રી રામ ગણેશ મંડળ અને શ્રી સાંઈનાથ ગણેશ મંડળના સભ્યો પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## મનરેગા વિભાગના ટેક્નિકલ આસિસ્ટન્ટને રૂા.૩૫૦૦ ની લાંચ લેતા ઝડપી પાડ્યો



ડોલવણ, તાપી- તાપી જિલ્લાના ડોલવણ તાલુકા પંચાયતમાં એન્ટી કરપ્શન બ્યુરોએ લાંચ કેસમાં મોટી કાર્યવાહી કરી છે. મનરેગા વિભાગમાં કરાર આધારિત ટેક્નિકલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા ફતેસિંગ શાંતુભાઈ ચૌધરીને ACBની ટીમે રૂા. ૩૫૦૦ ની લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધા છે.

આરોપી કર્મચારીએ એક લાભાર્થીના કૂવા નિર્માણ માટે સ્થળ ચકાસણી કરવા, એસ્ટીમેન્ટ બનાવવા અને તાંત્રિક તેમજ વહીવટી મંજૂરી મેળવવાની કાર્યવાહી માટે લાંચની માગણી કરી હતી ACBની ટીમે ડોલવણના એક શોપિંગ સેન્ટર નજીકથી આરોપીને લાંચ લેતા પકડી પાડ્યો હતો. હાલ ACB દ્વાર આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## વિશ્વ તમાકુ નિષેધ દિવસ:તાપી જિલ્લામાં તમાકુ નિયંત્રણ અધિનિયમના ભંગ બદલ ૪૭૧ કેસમાં ૭૦,૯૦૦ રૂપિયાનો દંડ વસૂલ





તાપી (વ્યારા)- વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા દર વર્ષે ૩૧ મેના રોજ વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે લોકોને તમાકુથી થતી હાનિકારક અસરો વિશે જાગૃત કરવામાં આવે છે. તાપી જિલ્લાના ડિસ્ટ્રિક્ટ ટોબેકો કંટ્રોલ સેલે આ વર્ષે વિવિધ પહેલ કરી છે. તેમણે ૬૬ શાળાઓમાં રાષ્ટ્રિય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ યોજયો છે. આ ઉપરાંત કુલ ૮૮૭ જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ માં ૪૭૧ કેસ નોંધવામાં આવ્યા છે. આ કેસોમાં કુલ ૭૦,૯૦૦ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૫ માટે WHO એ 'અપીલને ઉજાગર કરવી: તમાકુ અને નિકોટિન ઉત્પાદનો પર ઉદ્યોગની યુક્તિઓનો પર્દાફાશ કરવો' થીમ રાખી છે. આ થીમ તમાકુ ઉદ્યોગની વિવિધ યુક્તિઓને ઉજાગર કરે છે. જેમાં ફ્લેવરિંગ્સ અને આકર્ષક પેકેજિંગથી યુવાનોને લલચાવવા, ઇ-સિગારેટને સલામત વિકલ્પ તરીકે રજૂ કરવી વગેરેનો સમાવેશ થાય છે. જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ, ડો. સ્નેહલ પટેલના નેતૃત્વમાં તાપી જિલ્લા ટોબેકો કંટ્રોલ સેલની ટીમ અને તમામ PHC મેડિકલ ઓફિસરો તમાકુ મુક્ત તાપી બનાવવા કાર્યરત છે.

## તાપી જિલ્લામાં કલેક્ટર દ્વારા નાયબ મામલતદારોની વહીવટી હેતુસર બદલી

વ્યારા- તાપીમાં સાત તાલુકામાં નાયબ મામલતદાર સંવર્ગના અધિકારીઓની વહીવટી કારણોસર બદલીના હુકમ કરવામાં આવ્યા છે. તાપી જિલ્લાના મહેસુલી વિભાગ હેઠળ ફરજ બજાવતા અધિકારીઓને નવી નિમણૂંક આપી છે.

તાપી જિલ્લા કલેક્ટર ડો. વિપિન ગર્ગ દ્વારા પ્રજ્ઞાબેન સી. ચૌધરી હાલ નાયબ મામલતદાર તરીકે કલેક્ટર કચેરી તાપીમાં ફરજ બજાવે છે. હવે તેમને નાયબ મામલતદાર (ઇઆરસી) સાથે વધારાના હવાલા તરીકે પૂર્વની ફરજ યથાવત રહેશે, જયારે કેતન એફ. ત્રિવેદી હાલ વ્યારા મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર (મહેસુલ) તરીકે ફરજ બજાવે છે. હવે તેમને નાયબ મામલતદાર (ઇઆરસી) સાથે વધારાના હવાલા તરીકે અગાઉની ફરજ યથાવત રહેશે. નરેન્દ્ર એન. ઢોડીયા હાલ વાલોડ મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર (મહેસુલ) તરીકે ફરજ બજાવે છે. હવે તેમને નાયબ મામલતદાર (ઇઆરસી) સાથે અગાઉની ફરજ પણ યથાવત રહેશે. જિજ્ઞેશ આર. સોલંકી હાલ ડોલવણ નાયબ મામલતદાર (મહેસુલ) તરીકે ફરજ બજાવે છે. હવે તેમને નાયબ મામલતદાર (ઇઆરસી) તરીકે નિમણૂક આપી છે. અગાઉની ફરજ યથાવત રહેશે.

કે નિમણૂક આપી છે. અગાઉની ફરજ યથાવત રહેશે. જયારે અક્ષય વળવી હાલ ઉચ્છલ નાયબ મામલતદાર (મહેસુલ) તરીકે ફરજ બજાવે છે. હવે તેમને નાયબ મામલતદાર (ઇઆરસી) તરીકે નિમણૂક આપી છે. અગાઉની ફરજ યથાવત રહેશે. સુનિલભાઈ ચૌધરી હાલ નિઝર મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર (મહેસુલ) તરીકે ફરજ બજાવે છે. હવે તેમને ના. મામલતદાર (ઇઆરસી) તરીકે નિમણૂક આપી છે. અગાઉની ફરજ યથાવત રહેશે. જયારે સુનિલ વણઝારા સહિત અન્ય અધિકારીઓની પણ બદલી કરવામાં આવી છે. તમામને નવી નિમણૂકવાળી જગ્યાએ તાત્કાલિક ફરજ સંભાળવા હુકમ કરાયો છે.

## કુકરમુંડામાં ૧૩.૩૪ લાખનો ઇંગ્લિશ દારૂ જપ્ત: મહારાષ્ટ્રથી આવતી આઇસર ટ્રકમાંથી ૧૩,૩૪૪ બોટલ મળી, ડ્રાઈવર ફરાર




કુકરમુંડા- કુકરમુંડા પોલીસે તાપી જિલ્લામાં મોટી કાર્યવાહી કરતા મહારાષ્ટ્રથી આવતી આઇસર ટ્રકમાંથી ૧૩.૩૪ લાખની કિંમતનો ઇંગ્લિશ દારૂનો જથ્થો જપ્ત કર્યો છે. પોલીસ ઇન્સ્પેક્ટર વિજય પટેલ અને તેમની ટીમે પેટ્રોલિંગ દરમિયાન મટાવલ ચેક પોસ્ટ પર આ કાર્યવાહી કરી હતી.

મહારાષ્ટ્ર રજિસ્ટ્રેશન ધરાવતી આઇસર ટ્રક તલોદાથી કુકરમુંડા તરફ આવી રહી હતી. પોલીસે તપાસ કરતા ટ્રકમાંથી ૧૩,૩૪૪ બોટલ ઇંગ્લિશ દારૂ મળી આવ્યો હતો. દારૂની કિંમત રૂ. ૧૩,૩૪,૪૦૦ અને ટ્રકની કિંમત રૂ. ૧૦ લાખ મળી કુલ રૂ. ૨૩,૩૪,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ટ્રકનો ચાલક વાહન રોકીને શેરડીના ખેતરમાં અંધારાનો લાભ લઈને ભાગી છૂટ્યો હતો. પોલીસે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી, પરંતુ તે મળી આવ્યો ન હતો. પોલીસે અજાણ્યા ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫અ, E અને ૯૮(૨) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પંચાયત ચૂંટણીમાં ૩ થી વધુ વાહન, ૫થી વધુ વ્યક્તિ પર પ્રતિબંધ



**વ્યારા- તાપી-** વ્યારાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ ૨૨ જૂન, ૨૫ના રોજ યોજાનારી ગ્રામ પંચાયતોની સામાન્ય, વિભાજન, મધ્યસત્ર અને પેટા ચૂંટણીઓ માટે જાહેરનામું બહાર પાડ્યું છે.

જાહેરનામા મુજબ ઉમેદવાર ઉમેદવારી પત્ર ભરવા માટે ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીએ જાય ત્યારે કચેરી ૧૦૦ મીટરના વિસ્તારમાં ત્રણથી વધુ વાહન લઈ જવાની મંજૂરી નહીં હોય. ઉમેદવાર ઉપરાંત વધુમાં વધુ ચાર સમર્થકો મળી કુલ પાંચ વ્યક્તિઓ જ કચેરીમાં પ્રવેશી શકશે. જાહેરનામાનો અમલ ૯ જૂન, ૨૦૨૫ સુધી રહેશે. ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## સુરત કડોદરા જીઆઇડીસી માં ૫ વર્ષની બાળકીની હત્યા કરનાર ઝડપાયો

# ખેતરમાં લઈ જઈને દુષ્કર્મનો પ્રયાસ કર્યો, બૂમાબૂમ કરતા માથામાં પથ્થરના ઘા ઝીકી મો દબાવી મોતને ઘાટ ઉતારી

બારડોલી- કડોદરા જીઆઇડીસી વિસ્તારમાં એક ચકચારી ઘટના સામે આવી હતી. ગતરોજ સવારે ૯:૩૦ વાગ્યે પડોશમાં રહેતો રાજસ્થાનના પાલી જિલ્લાનો ગણપતલાલ ચંદ્ર પ્રકાશ સરગરા ૫ વર્ષ અને ૨ મહિનાની બાળકીને ચોકલેટ આપવાના બહાને લઈ ગયો હતો. જેમાં આરોપીએ બાળકીને લાલચ આપીને ખેતરમાં લઈ જઈને દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો. જેમાં માસૂમ બાળકી બૂમાબૂમ કરતા આરોપીએ માથામાં પથ્થરના ઘા ઝીકી મો દબાવી મોતને ઘાટ ઉતારી દીધી હતી.જેમાં આજે પોલીસે આરોપીની ધરપકડ કરીને ઘટનાનું રિ-કન્ટ્રક્શાન કર્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સુરત કડોદરા જીઆઈડીસી વિસ્તારમાં સવારે ૯.૩૦ વાગ્યે પાડોશમાં રહેતો એક યુવક બાળકીને ચોકલેટ આપવાના બહાને લઈ ગયો હતો. લાંબા સમય સુધી તે અને યુવક પરત ન ફરતાં પરિવારે બપોરે ૧ વાગ્યે પોલીસને જાણ કરી હતી. ઘટનાને ગંભીરતાથી લઈને કડોદરા જીઆઇડી પોલીસ મથકના પીઆઇ બી.ડી શાહે તાત્કાલિક અલગ અલગ ટીમો બનાવી બાળકીની શોધખોળ શરૂ કરી હતી. બાળકીની શોધખોળ દરમિયાન સીસીટીવી ફૂટેજ ચેક કરાતા આરોપી વાંકાનેડા ગામની સીમ બાજુ ગયો હોવાનું માલૂમ પડ્યું હતું.પોલીસેએ દિશા



દોડી જતા આરોપી ગણપત એક નહેરમાં નાહી રહ્યો હતો. પોલીસે તુરત આરોપીને ઝડપી પૂછતાછ હાથ ધરી હતી. પોલીસની કડક પૂછતાછમાં આરોપીએ જણાવ્યું હતું કે, બાળકીને ઘરથી ૧.૫ કિલોમીટર દૂર વાંકાનેડા ગામની હદમાં ખાડી કિનારા નજીક એક શેરડીના ખેતરમાં લઈ જઈને દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો. તે દરમિયાન બાળકીએ બૂમાબૂમ કરતા તેને માથામાં પથ્થરના ઘા ઝીકી મો દબાવી મોતને ઘાટ ઉતારી દીધી હતી.

પોલીસે તુરત ઘટના સ્થળે દોડી જઈને બાળકીના મૃતદેહનો કબજો લઈને પી.એમ. અર્થે મોકલી આપી હતી.અને હાલ આરોપી ગણપતલાલની ધરપકડ કરી છે. ધરપકડ બાદ ઘટનાનું રિ-કન્ટ્રક્શન પણ કર્યું હતું. આરોપીને કડકમાં કડક સજા થાય એ દિશામાં કામગીરી હાથ ધરવામાં આવી છે. સુરત ગ્રામ્ય ડીવાય યસ પી એચ. એલ. રાઠોડ એ જણાવ્યુ કે, ગઈ કાલે કડોદરા પોલીસ સ્ટેશના વાંકાનેડા ગામમાં કમનસીબ અણબનાવ બનેલો છે. તેની બનાવની હકિકત એવી છે કે, ૫ વર્ષ ૨માસની બાળકીને છે તેના પડોશમાં રહેતો ગણપત સરગરાએ રાજસ્થાનના પાલી જિલ્લાનો રહેવાસી છે. તે અવારનવાર બાળકીને બિસ્કીટ અને ચોકલેટ લેવા લઈ જતો હતો. ત્યારે ગઈ કાલે પણ એ બાળકીને લઈ ગઈ હતો, પરંતુ મોડે ૧૨ વાગ્યા સુધી બાળકી પરત ના આવતા બાળકીના માતા-પિતા પોલીસ સ્ટેશન આવીને પોલીસને જાણ કરેલ હતી.

વધુમાં ગ્રામ્ય ડીવાય યસ પી એ કહ્યું હતું કે, પોલીસે અલગ અલગ ટીમ બનાવીને બાળકીની શોધખોળ કરતા આ આરોપી ગણપત સીસીટીવી કેમેરામાં દેખાય છે કે, તે બાળકીને લઈ ગયો હતો.જયારે ગણપત મળી આવ્યો ત્યારે તે ભીના કપડે હતો, એટલે પોલીસનો શંકા જતા, કડક પૂછપરછ કરતાં ગણપતે કબુલ્યૂ કે, બાળકીને હું લઈ ગયેલો અને ૧૦ રૂપિયાની બે ચોકલેટ અપાવીને ખેતરમાં લઈ જઈને વૃક્ષ નીચે દુષ્કર્મ કરવાનો પ્રયત્ન કરતા, બાળકીએ બૂમાબૂમ કરી હતી, તે આરોપીએ માથામાં પથ્થર મારીને કરૂણ મોત નીપજાવ્યું હતું. ગણપતની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેડામાં ૫ વર્ષની બાળા સાથે દુષ્કર્મનો પ્રયાસ, તાબે નહી થતાં પથ્થર ઝીકી હત્યા

બારડોલી- પલસાણા તાલુકાના વાંકાનેડા ગામે આવેલ રાધા રાણી ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવારની ૫ વર્ષની બાળકીને તેમની જ બિલ્ડિંગની બાજુમાં રહેતા એક નરાધામે બદ ઇરાદે લઈ જઈ ઘરથી એક કિમી દૂર આવેલ એક શેરડીના ખેતરના શેઢા પર આંબાના ઝાડ નીચે અધમ કૃત્ય કરવાનો પ્રયત્ન કરતો હોય બાળકીએ બુમાબુમ કરતા તેની હત્યા કરી નાખી હોવાનો ચોકવાનારો કિસ્સો બહાર આવતા પોલીસ દોડતી થઇ હતી.



પલસાણા તાલુકાના વાંકાનેડા ગામે વરેલી ગાર્ડનની પાછળની ભાગે આવેલ રાધા રાણી ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારની એક ફેકટરીમાં પરપ્રાંતિય શ્રમજીવી પરિવાર બે બાળકીઓ સાથે રહે છે. જેમની મોટી દીકરી ૫ વર્ષ અને ૨ મહિનાની હોય રવિવારના રોજ સવારે ૯ વાગ્યાના અરસામાં રૂમમાં નીચે રમતી હતી ત્યારે ગુમ થઈ ગઈ હતી. જે અંગે બાળકીની માતાએ એના પિતાને જાણ કરી હતી. જેથી આજુબાજુ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, બાજુમાં રહેતા ગણપત લાલ ચંદ્રપ્રકાશ (મૂળ રાજસ્થાન, પાલી, શિવપુરા) લઈનેજતો હતો તે અંગેની જાણ થતાં પરિવાર તાત્કાલિક કડોદરા પોલીસ સ્ટેશનમ પહોચ્યું હતું. પોલીસને જાણ થતાં જ પોલીસે સ્થળ પર પહોચી CCTV ફૂટેજ તપાસ કરી હતી. જેમાં યુવક બાળકીને લઈને જતો નજરે પડ્યો હતો. જેને આધારે પોલીસે શોધખોળ કરતા ગુમ થયાના સ્થળથી એક કિમી દૂર નહેરમાં ગણપત ન્હાતો હતો. ત્યારે પોલીસે તેને પકડી લીધો હતો. ત્યારબાદ ઉલટ તપાસ કરતા તેણે બાળકીની હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી.

જેથી પોલીસે આરોપીને સાથે રાખી તપાસ કરતા વાંકાનેડા ગામની સીમમાં ચલથાણ સુગરના પેસમડ પ્લાન્ટ તરફ જતા રસ્તા ઉપર મુકેશ સિંહ હમીરસિંહ રાણાના ખેતરમાંથી આંબાના ઝાડ નીચેથી બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. નારાધામે બાળકીના મોઢા ઉપર પથ્થર મારી હત્યા કરી નાખી હોવાનું બહાર આવ્યું છે. બાળકી તાબે ન થતા નારાધમે હત્યા કરી હોવાની શક્યતા છે. પોલીસે હાલ ગુનો નોંધી ફોરેન્સિક પી.એમ. માટેની તજવીજ હાથ ધરી છે.

## વ્યારામાં પર્યાવરણ દિવસની અનોખી ઉજવણી:૫૦૦ થી વધુ લોકોએ ૧૪ કિમીની સાયક્લોથોનમાં ભાગ લીધો, સ્વચ્છતા અભિયાન પણ યોજાયું



તાપી (વ્યારા)- તાપી જિલ્લાના વ્યારા મુકામે પર્યાવરણ દિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. સયાજી ગ્રાઉન્ડથી શરૂ થયેલી ૧૪ કિલોમીટરની સાયક્લોથોનમાં ૫૦૦થી વધુ નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો.

આ કાર્યક્રમમાં વિવિધ સરકારી વિભાગોના કર્મચારીઓ અને અધિકારીઓએ પણ હાજરી આપી હતી. સાયક્લોથોન દરમિયાન સહભાગીઓએ જનક સ્મારક હોસ્પિટલ પાસે સ્વચ્છતા અભિયાન પણ હાથ ધર્યું. જિલ્લા કલેક્ટર ડો. વિપિન ગર્ગે વધતી જતી મેદસ્વીતા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે લોકોને નિયમિત કસરત કરવા અને તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા અનુરોધ કર્યો. સાથે જ પ્લાસ્ટિકના ઉપયોગને ઘટાડવા અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ત્યાગ કરવા અપીલ કરી.

## ઉંભેળ ગામના ખેતરમાં મહિલાને ટૂંપો આપી હત્યા કરેલી હાલતમાં લાશ મળી



આંબોલી- ઉંભેળના ખેડૂત પ્રવિણચંદ્ર ઠાકોરભાઈ પટેલના સર્વે નંબર ૪૯૨ વાળા શેરડીના ખેતરમાંથી હત્યા કરેલી અજાણી મહિલાની લાશ મળી આવી હતી.

મૂળ પલસાણા અંત્રોલી ખાતેના હાલ નવસારી કબીલપોર પી.જી ગાર્ડન બંગ્લોમાં રહેતા બિમલ અરવિંદભાઈ દેસાઈ ઉંભેળના પ્રવિણચંદ્ર ઠાકોરભાઈ પટેલની સર્વે નંબર ૪૯૨ વાળી જમીન વાવેતરે રાખી શેરડીનું રોપાણ કર્યું છે.જેની દેખરેખ માટે ઉંભેળના ગોમાન મગનભાઈ વસાવા કરે છે. ગત રોજ ખેતરે ગયેલા ગોમાન વસાવાએ ખેતરમાં અજાણી મહિલાની લાશ જોતા ગામના ગુણવંતભાઈ પટેલને વાત કરતા તેમણે નવસારી બિમલભાઈને તેમના ખેતરમાં અજાણી મહિલાની લાશ અંગે જાણ કરતા તેઓ ઉંભેળ ખેતરે આવી ગયા હતા. ઘટનાને પગલે ઉંભેળના સરપંચ સહીત ઘટના સ્થળે પહોંચી ગયા હતા. કાચા રોડની બાજુમાં શેઢાથી આશરે વીસેક ફૂટના અંતરે અંદાજે ૩૦ થી ૩૫ વર્ષીય મધ્યમ બાંધાની ઘઉં વર્ણ લંબગોળ મોઢું,આશરે ૫ ફૂટ ઊંચાઈ ધરાવતી મહિલાની લાશ જોવા મળી હતી. શરીરે લીલા રંગની સફેદ સ્ટોન લગાવેલી સાડી, લીલા કલરની બ્લાઉઝ,લીલા કલરનો ચણીયો ધારણ કરેલ હતો.રોડથી આશરે ત્રણેક ફૂટ દૂર વાદળી કલરનો દુપટ્ટો મળી આવ્યો હતો. લાશના ગળાના ભાગે ચામડી કાળી પડી ગયેલીના નિશાનો અને જીભ બહાર નીકળી ગયેલી હાલતમાં હતી.

ડાબા હાથ ઉપર અંગ્રેજીમાં PK નુ છૂંદણું તેમજ ડાબા હાથની હથેળીમાં મહેંદીથી દોરેલા દિલના ચિત્રમાં અંગ્રેજીમાં PK અથવા PR લખેલું જણાય આવ્યું હતું. અજાણી મહિલાને કોઈએ ગળે ટૂંપો આપી અથવા અન્ય બીજી રીતે તેની હત્યા કરી, ખેતરમાં નાંખી ગયા હોવાનું જણાય આવ્યું હતું.

# માંડવીમાં રખડતા ઢોરોના ત્રાસથી રાહદારીઓ તથા વાહન ચાલકો હેરાન

માંડવી- માંડવી નગરમાં રખડતા ઢોરોના ત્રાસને બંધ કરવા માટે નગરપાલિકા દ્વારા થોડા દિવસ ચાલેલા અભિયાન બાદ હાલમાં ઠેર ઠેર રખડતા ઢોરો અવરોધ રૂપ બની રહ્યા છે અને અકસ્માતનો ભય પણ સતાવી રહ્યો છે.



માંડવી નગરપાલિકા વિસ્તારમાં પાલિકા શાસકો દ્વારા રખડતા ઢોરોને પકડીને પાંજરાપોળમાં મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને નગરના માર્ગો પર તેનું પરિણામ પણ દેખાતું હતું પરંતુ હાલમાં કેટલાક સમયથી ફરી પાછા પશુપાલકો નફ્ફટાઈના કારણે રખડતા પશુઓ જોવા મળી રહ્યા છે અને માર્ગની વચ્ચે અડિંગો જમાવી દેતા ટ્રાફિકની સમસ્યાઓ સર્જાવા સાથે અકસ્માતનો ભય પણ રહ્યો છે. ઘણીવાર લડતા પશુઓના કારણે વાહન ચાલકને પણ નુકસાન થતું હોય છે. આગામી દિવસોમાં ચોમાસાની શરૂઆત થનાર હોય જેથી રહેણાંક વિસ્તારોમાં ગંદકી પથરાવાની પણ શક્યતાઓ રહે છે જેથી ચોમાસા પહેલા રખડતા પશુઓને પકડી પાંજરાપોળ મોકલવામાં આવે સાથે પશુ માલિકોને પણ દંડનીય કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માગ ઉઠી છે.

## બીલીમોરામાં પોલીસ અને સામાજિક આગેવાનોની શાંતિ સમિતિની બેઠક યોજાઈ

નવસારી- બીલીમોરા શહેરમાં આગામી બકરી ઈદ તહેવારની પૂર્વ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. શહેર પોલીસે શાંતિ સમિતિની બેઠકનું આયોજન કર્યું હતું. બેઠકમાં શહેરના સામાજિક આગેવાનો, વિવિધ સમાજના પ્રતિનિધિઓ અને પક્ષ-વિપક્ષના નેતાઓએ હાજરી આપી હતી.



બીલીમોરાના ઇન્ચાર્જ પીઆઈ જયદીપસિંહ ચાવડા અને હરીશે બેઠકનું સંચાલન કર્યું હતું. તેમણે તહેવાર દરમિયાન પોલીસ વિભાગની કામગીરી અને વ્યવસ્થાઓની માહિતી આપી હતી.

પોલીસે તહેવાર દરમિયાન ચુસ્ત બંદોબસ્ત, ટ્રાફિક નિયંત્રણ અને સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગની વ્યવસ્થા કરી છે. સિવિલ ડ્રેસમાં પોલીસકર્મીઓ પણ તૈનાત કરાશે. સોશિયલ મીડિયા પર નજર રાખવામાં આવશે. કોઈપણ ઉશ્કેરણીજનક પ્રવૃત્તિની માહિતી તુરંત પોલીસને આપવા અપીલ કરાઈ છે. શાંતિ સમિતિના સભ્યો અને ધાર્મિક પ્રતિનિધિઓએ તહેવારને શાંતિપૂર્ણ રીતે ઉજવવા સહયોગની ખાતરી આપી છે. બેઠકમાં સાંપ્રદાયિક સદભાવના જાળવી રાખવા સર્વાનુમતે નિર્ણય લેવાયો હતો.

જોઈએ છે..! જોઈએ છે..!




ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).